# ભિલોડા પંથકમાં રૂબેલા રસીકરણનું રૌદ્ર સ્વરૂપ

## ૨૪ કલાકમાં ૨૦થી વધુ બાળકોની તબિયત લથડી : રસીકરણથી બાળકોના અભ્યાસ પર માઠી અસર, વાલીઓ શાળાએ બાળકોને મોકલતા નથી

ભિલોડા, તા. ૨૪

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ૧૬ જુલાઈ થી ૯ મહિના થી ૧૫ વર્ષ સુધીના બાળકોને ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન હાથ







ધરવામાં આવ્યું છે. ઓરી-રૂબેલાની રસી લીધા બાદ કેટલાક બાળકોની તબિયત લથડતા હોસ્પિટલમાં સારવાર આપવાની ફરજ પડતા અને ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ગામના ધોરણ-૨માં અભ્યાસ કરતા બાળકનું એમ.આર.ની રસી લીધા બાદ અગમ્ય કારણોસર તબિયત લથડતા અને મોતને ભેટતા જીલ્લામાં વાલીઓ ચિંતિત બની રસીકરણથી અળગા રહી બાળકોને શાળાએ જ મોકલવાનું બંધ કરતા બાળકોના અભ્યાસ પર માઠી અસર પડી રહી છે. ભિલોડા તાલુકામાં ૨૪ કલાકમાં ૧૮ બાળકોને રસી લીધા બાદ તબિયત લથડતા અને ૩ બાળકોની સ્થિતિ ગંભીર હોવાથી અમદાવાદ ખસેડવાની તજવીજ હાથ ધરાતા ઓરી-રૂબેલા રસીકરણનું રૌદ્ર સ્વરૂપ યથાવત રહેતા જીલ્લા વાસીઓમાં ફફડાટ ફેલાયો છે. જીલ્લાના અન્ય તાલુકામાં પણ એમ.આર.ની રસી લીધા બાદ રિએક્શન આવતા અને બાળકોની તબિયત લથડતા સરકારી દવાખાનામાં અને ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે. બીજીબાજુ જીલ્લા આરોગ્યતંત્ર ઓરી-રૂબેલાની આડ અસર ન હોવાનું જણાવતા સમગ્ર એમ.આર. રસીકરણ અભિયાન વિવાદના વંટોળમાં સપડાયું છે.

ભિલોડા પંથકમાં ૨૪ કલાકમાં ઓરી-રૂબેલાની રસી લીધા બાદ ૧૮ બાળકોની તબિયત લથડતા આરોગ્ય વિભાગમાં ભારે હડકંપ મચ્યો હતો. જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્મા તેમની ટીમ સાથે ભિલોડા દોડી આવ્યા હતા અને હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા બાળકોની મુલાકાત કરી હતી. ભિલોડા તાલુકાની વાઘેશ્વરી, જનસેવા, ચુનાખાડ, મેરુ, કાળી ડુંગરી, આરજે સ્કૂલ, મઠ ટીંબા, લીલછા પ્રા. શાળામાં ૧૯ થી ૨૧ તારીખ સુધીના એમ.આર રસીકરણ બાદ ૧૪ બાળકોની તબિયત લથડતા ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા, જેમાં ૩ બાળકોની હાલત ગંભીર હોવાથી અને તપોવન પ્રા. શાળાના ૨ બાળકો નોખી અને કાળી ડુંગરી પ્રા.શાળાના- ૨ વિદ્યાર્થીઓની તબિયત લથડતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી હતી. અરવલ્લી જીલ્લાના અન્ય વિસ્તારોમાં પણ એમ.આર.ની રસી લીધા બાદ તબિયત લથડી હોવાની માહિતી આરોગ્ય વિભાગના સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લામાં ઓરી-રૂબેલાના રસીકરણ અંગે તરહ-તરહની અફવાઓ આરોગ્ય વિભાગ માટે આફતરૂપ બનતા માંડ-માંડ લોકોને સમજવવામાં સફળતા મળી હતી પરંતુ રસીકરણ અભિયાન બાદ કેટલાક બાળકોની તબિયત લથડતા અફવાઓને વેગ મળતો હોય તેમ વાલીઓ બાળકોને શાળાએજ મોકલવાનું બંધ કરતા અભ્યાસ પર માઠી અસર પડી રહી છે.

# તલોદ નાગરિક સહકારી બેંકે બાકીદારોના બંગલાને સીલ માર્યું

તલોદ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતેની નાગરિક સહકારી બેંકે એક મુદત વીતી બાકીદારના બંગલાને ગત સાંજે સીલ મારી દેતા અન્ય બાકીદારોમાં ફફડાટની લાગણી ઉદ્‌ભવી છે. બેંકના દાવા મુજબ બાકીદાર પેઢીએ પોતાનો પૂનમ બંગલો બેંકમાં ગીરવે મૂકી લોન લીધી હતી. જેની મુદત વીત્યા બાદ પણ પેઢીએ બેંકને નાણાં પરત કર્યા ન હતા. તેથી અધિક પેઢીના અરજદાર કમવલેશ મહેતાએ બેંકના દાવા મુજબ પૂનમ બંગલાનું ખોટુ વીલ તેમની પત્ની ડીમ્પલના નામે કરીને બેંકના તારણની મિલકત સંદર્ભે બેંક સાથે ફ્રોડ કરતા બેંકને આ સીલીંગની કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

આ અંગે બેંક સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તલોદ ખાતેની મહેતા એન્ડ કુ.ના કર્તાહર્તા કમલેશ રસીકલાલ મહેતાએ વર્ષો પહેલાં તલોદ નાગરિક બેંકમાંથી લાખો રૂપિયાની લોન લીધી હતી. જે સામે તેઓએ બેંકને લોનની રકમ ભરપાઈ ન કરતાં તા. ૧૫-૪-૨૦૦૮થી તેઓ મુદત વીતી બાકીદારોની લાંબી યાદીમાં ધકેલાઈ ગયા હતા. તેઓના ચેક પણ રિટર્ન થતાં બેંકે કલમ ૧૩૮ અન્વયનો કેસ કર્યો હતો. જેમાં બાકીદારને સજા ફરમાવવામાં આવતા તેઓએ સેશન્સ કોર્ટ હિંમતનગરનો આશરો લીધો હતો. જ્યાં નામદાર કોર્ટે બેંકની વિરૂદ્ધમાં અને કમલેશ મહેતાની તરફેણમાં ચૂકાદો આપતા આખરે તલોદ નાગરિક બેંકને નામદાર ગુજરાત હાઈકોર્ટનો આશરો લેવાની ફરજ પડી છે. જ્યાં કેસ ચાલનાર છે.

દરમ્યાન બેંકે બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટમાં બાકીદાર પેઢી સામે દાવો દાખલ કર્યો હતો. જેમાં ગત તા. ૨-૭-૧૮ના રોજ બેંકની તરફેણમાં ચૂકાદો આવ્યો હોવાનો દાવો કરીને, બેંકના તારણની મિલકત એવા તલોદ કોલેજ રોડ ઉપરના લક્ષ્મીકુંજ સોસાયટીના પૂનમ બંગલાને બેંકે ગઈકાલે સીલ મારી દઈને ત્યાં સિક્યોરીટી પણ ગોઠવી દીધી છે.



## ડીસાના ફુંવારા નજીક દુકાનમાં આગ લાગતાં માલસામાન બળીને રાખ

ડીસા શહેરના હાર્દસમા ફુવારા સર્કલ નજીક સોમવારે મોડી રાત્રે એક દુકાનમાં અચાનક આગ લાગતાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન થઈ રહ્યું છે. આ ભીષણ આગમાં દુકાનનો તમામ માલસામાન બળીને રાખ થઈ ગયો હતો. જયારે બાજુમાં આવેલ એક કેબિનનો માલસામાન પણ બળી ગયો હતો. આગમાં લપેટાયેલી દુકાનની બાજુની દુકાનમાં પણ આગે ઘેરો ઘાલતા એ દુકાનમાં પણ નાનું મોટું નુકશાન થવા પામ્યું હતું.

## ઓરી અને રૂબેલા રસીકરણના કારણે જિલ્લાના બાળકોને થયેલ આડ અસરની તાકીદે તપાસ કરવા રાજેન્દ્ર પારધીની માંગ

મોડાસા, તા. ૨૪

રાજ્ય સરકાર દ્વારા ૧૯મી જુલાઈથી રાજ્યવ્યાપી ઓરી અને રૂબેલા રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પણ આ અભિયાન હાલમાં ચાલે છે. આ રસીકરણ દરમ્યાન ભિલોડા તાલુકાના વાઘેશ્વરી પ્રાથમિક શાળામાં ધોરણ-૨માં અભ્યાસ કરતાં બાળકનું મૃત્યુ થયેલ છે અને ઝીંઝુડી પ્રાથમિક શાળાના ૯ બાળકો બિમાર થઈ ગયેલ છે તેવા સમાચાર મળેલ છે. જિલ્લામાં અનેક ગ્રામીણ વિસ્તારમાં આ રસીકરણને આડ અસરની ફરીયાદો વ્યાપક પ્રમાણમાં મળેલ છે અને આ બાબત અતિગંભીર છે. જિલ્લા પંચાયતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ બાબતે તાકીદે તપાસ કરવામાં આવે અને જો ખરેખર આ હકીકત સાચી હોય તો આ વેક્સીન બનાવતી કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં રાજ્ય સરકારમાં રીપોર્ટ કરવામાં આવે અને મૃત્યુ પામેલ બાળકના પરિવારને રાજ્ય સરકાર તરફથી તાકીદે સહાય ચૂકવવામાં આવે તેવી અમારી માંગણી છે.

## ઉમિયા વિજય સોસાયટીમાંથી કાર ચોરાઈ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના મહાવિરનગર વિસ્તારમાં આવેલ ઉમિયા વિજય સોસાયટીમાંથી રવિવારે અજાણ્યો શખ્સ રૂ. એક લાખની કાર ચોરી જતા કારના માલિકે સોમવારે અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર એ. ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મોડાસા તાલુકા પંચાયત સદસ્યોની વિવિધ સમિતિના સભ્ય તરીકેની નિમણૂકમાં ડખો પડ્યો

## કોંગ્રેસના ૫ સદસ્યોમાં અસંતોષ હોવાની અને બીજેપીના સંપર્કમાં હોવાથી ભારે પડી શકે

મોડાસા, તા. ૨૪

મોડાસા તાલુકા પંચાયતની બીજી ટર્મ માટેની વિવિધ સમિતિઓના સદસ્યોની સભ્ય તરીકે મંગળવારે તાલુકા પંચાયતના સભાખંડમાં પ્રમુખ અને તાલુકા



વિકાસ અધિકારીની હાજરીમાં મળી હતી. જેમાં વિવિધ સમિતિઓની નિમણુંક લઈને ૫ જેટલા કોંગ્રેસના સદસ્યોની અસંતોષ અને નારાજગીને લઈને જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો અને મોડાસા તાલુકા પંચાયતમાં ભંગાણ સર્જાવાના અને કોંગ્રેસના હાથમાંથી મોડાસા તાલુકા પંચાયતમાં સરકી જવાની ધારણાઓ પેદા થતા ભાજપના તાલુકા પંચાયતના સદસ્યો ગેલમાં આવી ગયા હતા. જિલ્લા કોંગ્રેસ અને ધારાસભ્યએ નારાજ ધારાસભ્યોની નારાજગી ખાળવામાં સફળતા મળી હોવાની માહિતી પ્રાપ્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કોંગ્રેસ શાષિત મોડાસા તાલુકા પંચાયતની સામાન્યસભા મંગળવારે તાલુકા પંચાયતના સભા ખંડમાં તાલુકા પંચાયત પ્રમુખ અને તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં મળેલી સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની નિમણૂકને લઈને ૫ કોંગ્રેસના સદસ્યોમાં અસંતોષ હોવાનો અને ભાજપના અગ્રણીઓના સંપર્કમાં હોવાની અને કોંગ્રેસના તાલુકા પંચાયતના મહિલા સદસ્યના પતિના નામે સોશ્યલ મીડિયામાં વહેતા થયેલા મેસેજથી તાલુકા પંચાયત સત્તામાં નવાજુની થવાના એંધાણથી ભાજપ ગેલમાં આવી ગયું હતું. ૫ સદસ્યોના ગમે ત્યારે રાજીનામાં પડવાની વાતો વહેતી થવાની સાથે તમામ સદશ્યો ભાજપના અગ્રણીઓના સંપર્કમાં હોવાની વાતોથી જીલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. બીજીબાજુ કોંગ્રેસના સદશ્યોની નારાજગી અંગે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે નનૈયો ભણી કોઈપણ સદશ્યને નારાજગી ન હોવાનું જણાવ્યું હતું.



સમગ્ર ગુજરાતમાં આજથી ગૌરીવ્રત-જયાપાર્વતી વ્રતનો અષાઢ સુદ-૯ (નોમ)નો પ્રારંભ થઈ ચુક્યો છે. ત્યારે માટીના કોડીયા અથવા વાંસની છાબડીમાં માટી, છાણ મિક્ષ કરીને તેમાં ઘઉં, જવ, ચોખા, ચણા, જુવાર, મગ જેવા વાવવામાં આવે છે. બાલીકાઓ સવારે ઉઠીને કંકુના તિલક કરીને પૂજા કરે છે. આજથી પ્રકૃતિના પૂજનના પર્વ સમા ગૌરીવ્રતનો પ્રારંભ થનારો હોવાથી કુંવારીકાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

# મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા દબાણો દુર કરાયા

## ૫૦ જેટલા પોલીસ કાફલા સાથે ત્રણ જે.સી.બી.થી દબાણ હાટાવાયા

મેઘરજ, તા. ૨૪

મેઘરજ નગરમાં મંગળવારે સવારથી મેઘરજ ગ્રામપંચાયત દ્વારા ગાયત્રી મંદિર રોડ તેમજ નગરમાં જતો મેનરોડની બન્ને બાજુઓએ દબાણકર્તાઓએ ગટરલાઈન ઉપર કરેલ દબાણ ગ્રામપંચાયતે પોલીસ બદોબસ્ત હેઠળ તોડી પાડવામાં આવ્યુ હતુ.

મેઘરજ નગરમાં સ્ટેટબેન્ક ગાયત્રી મંદિર રોડની બન્ને બાજુએ રહીશો દ્વારા ગટરલાઈન ઉપર દબાણ કરવામાં આવ્યુ હતુ. જેથી નગરની ગટરનુ પાણી રોડ ઉપર આવતુ હોવાથી રોડ સાઈડે વસવાટકર્તા રહીશોને પોતાના ઘર આગળ ગટરલાઈન ખુલ્લી કરવા અગાઉ ગ્રામપંચાયતે નોટીસો આપી હતી, પરંતુ રહીશો દ્વારા ગટરલાઈન ખુલ્લી ન કરાતાં આખરે મેઘરજ ગ્રામપંચાયતે મંગળવારે સવારથી ૫૦ જેટલા પોલીસ બદોબસ્ત સાથે ત્રણ જેસીબીથી ગટર ઉપરનુ દબાણ તોડી પાડવામાં આવ્યુહતુ.



જ્યારે નગરના મેઈન બજાર પોલીસ્ટેશન રોડ પર રસ્તાની બન્ને બાજુઓએ રસ્તા ઉપરનુ દબાણ પણ જેસીબી દ્વારા તોડી પડાયુ હતુ.

જેમાં કેટલાક નવીન બાંધકામ થયેલ મકાનોનો આગળનો ભાગ અને રોડ સુધી લંબાવેલ બાંધકામ અને દુકાનો આગળનુ દબાણ ગ્રામપંચાયતના કર્મીઓ હાજર રહી દબાણ દુર કરાયુ હતુ.

### મેઘરજ ગ્રામ પંચાયતના સરપંચ શુ કહે છે ?

મેઘરજ ગ્રામપંચાયતના સરપંચ હાંજાભાઈ ડામોરના જણાવ્યા પ્રમાણે મેઘરજ નગરમાં સ્મશાન રોડ, ગાયત્રી મંદિર રોડ, મેનબજાર પોલીસ્ટેશન રોડ પરના દબાણકર્તાઓને અગાઉ ત્રણ વાર પંચાયત દ્વારા નોટીસો આપી દબાણ દુર કરવા જણાવવામાં આવ્યુ હતુ પરંતુ આજ દિન સુધી દબાણકર્તાઓએ દબાણ દુર ન કરતાં આખરે પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દુર કરવામાં આવ્યુ છે.

# સાબરકાંઠાના ૨૭ ગામોમાં સ્વચ્છતા સર્વેક્ષણ કરાશે

હિંમતનગર, તા. ૨૪

ભારત સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અને દરેક ઘરમાં શૌચાલય હોય તે માટે કરોડો રૂપીયાનો ખર્ચો કરીને પ્રજામાં જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરાઈ રહ્યો છે. ત્યારે શહેરોમાં તેનો અમલ કરાયા બાદ દેશના ગામડાઓમાં આ અભિયાન થકી લોકોમાં જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા સર્વેક્ષણ કરવાનુ નક્કી કરાયુ છે. ત્યારે સાબરકાંઠાના ૨૭ ગામોમાં તે અંતર્ગત તા. ૧ થી ૩૧ ઓગષ્ટ સુધી સ્વચ્છતા સર્વેક્ષણ કરવાનો નિર્ણય લેવાયો છે.

શહેરોમાં રહેતા લોકોને સ્વચ્છતા અંગે અવગત કરાયા બાદ ગામડાઓમાં તેના માટે વધુ જાગૃતિ કેળવાય તે આશયથી કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં તા. ૧ થી ૩૧ ઓગષ્ટ સુધી સ્વચ્છતા સર્વેક્ષણ કરાશે જે અંતર્ગત કેન્દ્રની ટીમ સાબરકાંઠાના ઓછામાં ઓછા ૧૭ અને વધુમાં વધુ ૨૭ ગામોની મુલાકાત લેશે.

મુલાકાત દરમિયાન આ નિરીક્ષકો ગામના જાહેર સ્થળોએ શૌચાલય અને તેનો ઉપયોગ, જાહેર સ્થળો પર પડી રહેલા કચરા અને પાણીની સ્થિતિનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ લોકોના પ્રતિભાવ જાણી ગ્રામજનોને સર્વેક્ષણની જાણકારી મેળવશે. ઉપરાંત ગામમાં ગંદા પાણીના નિકાલની વ્યવ્થા તથા ઘન કચરાના નિકાલ માટે ઉપલબ્ધ કરાવાયેલ વ્યવસ્થા નિહાળવામાં આવશે અને તે આધારે ગુણાંકન કરાશે ત્યારબાદ પ્રદેશ અને રાષ્ટ્રકક્ષાએ પ્રથમ રહેનાર ગામડાઓનું તા. ૨ ઓક્ટોબરને ગાંધી જયંતિના દિવસે સન્માન કરવામાં આવશે.